**<u>23 નવેમ્બર 2008ના અંક માટે</u> :**

# ખારાં પાણીની અજબગજબની મીઠાશ

ફિનીશ સ્થપતિ અલ્વર આલ્ટો(૧૮૯૮-૧૯૭૬)ને નામ એક ઉક્તિ બોલે છે : આપણો સાંપ્રત સમય ઝાઝેરો વિશિષ્ટ બનતો ગયો છે, કેમ કે આપણી વચ્ચે એવા લોકો છે જે, ઓછી અને વધુ ઓછી માહિતીવિગતો બાબત, વધુ ને વધુ જાણકારી ધરાવે છે. (Our time is so specialised that we have people who know more and more about less and less. – Alvar Aalto). આપણામાંના કેટકેટલા પંડિતોને આ લાગુ પડી શકે ?!

વારુ, ગુજરાતી ભાષાનો પ્રથમ શબ્દાર્થ કોશ જેને માનવામાં આવે છે તે 'નર્મકોશ' સામે છે. કોશકાર છે કવિ નર્મદાશંકર લાલશંકર. સંપાદક છે રમેશભાઈ મ. શુક્લ. પ્રકાશક છે કવિ નર્મદ યુગાવર્ત ટ્રસ્ટ, સુરત. સુરતસ્થિત સાહિત્ય સંકુલ અને સાહિત્ય સંગમનો પ્રકાશન સારુ સહયોગ મળેલો છે. મગરૂરીપૂર્વક આ કોશ ઉપયોગમાં લેવાનો થાય છે. આપણી ગુજરાતી ભાષા-સાહિત્યનું એ સોહતું છોગું છે.

આ કોશમાં આરંભે, 'કોશ એટલે કોશ એટલે કોશ' મથાળા સાથે, આ આદરમાન વિદ્વાન સંપાદકે ૩૬ પાનામાં પ્રસ્તાવના આપી છે. કોશસાહિત્યમાં જેમને જેમને રસ હોય અને ભાષાવિજ્ઞાનમાં થોડીઘણી સમજણ પડતી હોય, તેમને માટે આ અગત્યની વાંચનસામગ્રી છે. ગણપતરામને ઉદ્દેશીને ૭ જુલાઈ ૧૮૬૮ના દિવસે નર્મદાશંકરે એક ચિઠ્ઠી લખી હતી. આરંભે, તે ટાંકવામાં આવી છે. નર્મદાશંકરે લખ્યું છે : *'નર્મકોશ છપાવવાની ચર્ચા ચાલે છે તેથી ખેદ પામું છઉં... જારે બેકદર લોકમાં ગમે તેમ ચર્ચા ચાલે તારે મારા સરખાનું મન કેમ ન દુભાય ?... ભાઈ ! એ કોશ વહેલો મોડો પણ છપાશે જ ને પ્રસ્તાવનામાં લખવાનું થશે કે મદદ માટે ગુજરાતીઓમાંથી કોઈ સદ્દગૃહસ્થ ન મળ્યો. ... '*

આ ઘટનાને ફક્ત ૧૪૦ વર્ષ થયાં છે. પણ છે કોઈ ફરક ? આપણે તો ઠેરના ઠેર ! ... આજકાલ, ગુજરાતી લેકિસકોનવાળા રતિલાલ ચંદરયા અહીં લંડનમાં છે. એમણે દીધા ડિજિટલ કોશની વાત પણ સાથે સાથે આજકાલ સમાચારમાં કેન્દ્રસ્થાને છે. આમ ગુજરાતીલેકિસકોનની, ડિજિટલ કોશની અને રતિભાઈની વાત અહીં કરવી છે. પરિણામસ્વરૂપ, વાચક દોસ્ત, ચંદરયા ઘરાનાની વાત અહીં કરવી નથી. એ જૂથના ધંધાધાપાની વાત પણ છેડવી નથી. આંગળીના વેઢા ય ઝાઝા પડે; ફક્ત એટલી જ માંડ ચોપડી ભણનાર આ માણસે 'ગુજરાતીલેકિસકોન' ક્ષેત્રે જે અભૂતપૂર્વ કામ ગુજરાતીને ચરણે ધર્યું છે તેની જ વાત કરવી છે. સાતે ય કોઠે દીવા પ્રગટે અને ભારોભાર અચરજ થાય તેવું આ મહાભારત કામ છે. અને તેમ છતાં, રતિલાલ ચંદરયા જો ખમતીધર ન હોત, તો ભલા, નર્મદની પેઠે તેમને ય ક્યાંક લખાણ કરવાનો વારો આવ્યો હોત : 'ગુજરાતીઓમાંથી કોઈ સદ્દગૃહસ્થ ન મળ્યો ... !' ... વારુ, ડાયસ્પોરિક ગુજરાતીનું આ અદકેરું કામ છે અને રચયિતા તેનું ઉમદા ઘરેણું છે. અને છતાં, હાલમાં અહીંથી પ્રગટ 'બ્રિટિશ ગુજરાતીઝ' ચોપડીમાં, આ ઘટના બારામાં મૌન વર્તાયું છે ! આવું ભલા કેમ ? ખેર, સંપાદકની સૂઝબૂઝનો આ મુદ્દો છે અને તેમને ય કોઈક કારણબારણ હશે તેમ ધારી લઈ, આપણે ય આછીપાતળી વેવલાઈની બીજી કોરે ફંટાઈ જઈએ.

આ લખાણ થાય છે ત્યાં સુધીમાં ૧૫,૫૬,૯૨૨ જેટલા લોકોએ આ ડિજિટલ કોશ જોવાનો રાખ્યો છે. ગુજરાતી લેક્સિકોન જૂથના એક તજજ્ઞ કમ્પ્યૂટરનવીસ કાર્તિક મિસ્ત્રીની જહેમતથી પ્રાપ્ય આંકડાઓ તપાસવા સમ છે. આપણે માત્ર ગયા માસની જ વાત અહીં કરીએ તો જગતભરમાંથી ૪,૨૬૯ લોકોએ ગુજરાતી લેક્સિકોનની કોમ્પક્ટ ડિસ્ક ઈન્ટરનેટ પરેથી સીધી ઊતારી હતી. ગુજરાતીલેક્સિકોનના કોશને ૬,૨૭૧ જેટલાં મેળવનારાઓમાં હતા. બીજી પાસ, 'સરસ' સ્પેલચેકરનો લાભ ૧,૫૨૯ લોકોએ લીધો હતો. આ તો ફક્ત એક જ માસના આંકડાઓ છે. હજુ નવેમ્બર માસ આટોપાયો નથી, ત્યાં હાથવગા આંકડા તપાસીએ તો સીધુંસપાટ સમજાય છે કે આ સામગ્રીનો ઉપયોગ રોજ-બ-રોજ વધી જ રહ્યો છે.

ગઈ સાલ, ડિસેમ્બર માસના અંત ભાગે, ગાંધીનગર મુકામે, ગૂજરાત વિદ્યાપીઠના સાર્થ જોડણીકોશને વિધિવત્ ડિજિટલ અવતાર સાંપડેલો. એ ગંજાવર કામમાં, રતિભાઈની નિશ્રામાં 'ગુજરાતી લેક્સિકોન' જૂથની સેવાઓ પણ તન, મન ધને ધરબાઈ છે. એ કામ ફક્ત ગૂજરાત વિદ્યાપીઠનું નહોતું; એ કામ માત્ર રતિભાઈ અને ગુજરાતી લેક્સિકોન તંત્રનું નહોતું; એ કામ આપણી ગુજરાતીનું જ હતું. અને તેથી મારા સહિત અનેકોએ તેમાં મનથી, વચનથી, કર્મથી તપ પૂર્યું. એ અભૂતપૂર્વ કામ આપણી જબાન સિવાય અન્યત્ર થયું હોત, તો ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાતી લેક્સિકોનને, ઉપરતળેથી, સરકારી અને અ-સરકારી સ્તરેથી, ભાષા - સાહિત્યની સંસ્થાઓ વડે કેટકેટલાં માનઅકરામો સાંપડ્યાં હોત. પણ આપણે નર્મદે લખ્યું છે તેવા 'બેકદર લોક', ફરીવાર, અહીં સાબિત થઈને રહ્યા છીએ !

આરંભના દિવસોમાં કેટલાક કહ્યા કરતા કે આ ગુજરાતી લેક્સિકોનની સામગ્રી વૈજ્ઞાનિક ઢબછબે બનવી જોઈએ. તેમાં આ શબ્દોનો ખડકલો છે તેને સરખી રીતે શાસ્ત્રીય રીતે ગોઠવવા જોઈએ. થયું. ગૂજરાત વિદ્યાપીઠની કૂનેહ અને જહેમતથી હવે આ કામ પણ પાર પડ્યું છે. ગુજરાતી લેક્સિકોનની સામગ્રી ગૂજરાત વિદ્યાપીઠ દીધા સાર્થ જોડણીકોશની શાસ્ત્રીયતા અનુસાર હવે ઠેર ઠેર જોવાની સાંપડશે. આ એક ભારે અગત્યનું ઐતિહાસિક પગલું છે અને તેનાથી પોરસ ચડે છે. ગજ ગજ છાતી ફૂલાય પણ છે. ટૂંકામાં, વિદ્યાપીઠ અને ગુજરાતી લેક્સિકોનનું આ સહિયારું તપ આપણી ગુજરાતીનું ભવિષ્ય અંકે કરી આપે છે.

પણ હવે શું ? આપણી સામે હવે કેવો નકશો હોય ? આ સાર્થ જોડણીકોશનો વપરાશ વધે તેને સારુ ગુજરાતી ભાષાશિક્ષણના ડિજિટલ કાર્યક્રમો તૈયાર કરવા પડશે. તેમાં આ બંને સંસ્થાઓએ ફરી વાર જોતરાવું રહે. વળી, સમસામયિકો અને પુસ્તક પ્રકાશન સારુ સજ્જ પ્રૂફરીડર્સ તૈયાર કરવાના છે. આ વિશાળકાય કામ બાબતના તાલીમ વર્ગોની એક યોજના વિદ્યાપીઠ તેમ જ લેક્સિકોને સહિયારી વિચારવી રહે છે. બીજી પાસ, આટલાઆટલા ફોન્ટ્સ અને ગુજરાતી ભાષામાં લખાણ કરતાં કમ્પ્યૂટર માંહેના અનેકાનેક પ્રૉગ્રામો છતાં, આપણને પારાવાર અરાજકતાઓ અડેનડે છે. કેટલુંક આડેધડ હીંડ્યા કરે છે. એ ક્ષેત્રે ગુજરાતી લેક્સિકોને આગેવાની લીધા વગર કોઈ જ ચારો નથી. અંગ્રેજીની પેઠે, આપણે ત્યાં, સુઘડ એકવાક્યતા આવે, તેવા તેવા દિવસના આપણને પણ ઓરતા છે.

નર્મદે ગણપતરામને લખ્યું હતું કે, *'મદદ માટે ગુજરાતીઓમાંથી કોઈ સદ્દગૃહસ્થ ન મળ્યો. ... '* આપણી યોજનાઓ માત્ર ગૂજરાત વિદ્યાપીઠની જ નથી; એ ફક્ત ગુજરાતી લેક્સિકોનની જ નથી; વળી, તે રતિલાલ ચંદરયાની કે

પછી ચંદરયા ફાઉન્ડેશનની જ જવાબદારી નથી; એ આપણા દરેકની, તમામની સહિયારી જવાબદારી ઠરે છે. અને તેને કોઈ પણ ભૌગોલિક સીમાડાઓ નથી, ગુજરાતીની વ્યાખ્યા ય, કોઈ પણ પ્રકારે, સાંકડી નથી. તેને કોઈ રંગ, વર્ણ, ધર્મ, પંથ, જાતિ કે રાષ્ટ્રનાં ય ટીલાંટપકાં નથી. વિશ્વભરની આપણી ગુજરાતી જમાતની, એક માત્ર, આ વાત છે. આથીસ્તો, ચાલો, આપણે દરેક સક્રિયપણે હાથવાટકો બનીએ; અને આપણે, દરેક શાણા લોક, રૂડી ગુજરાતી વાણી રાણીના વકીલ બનીએ, અને આ કોશનો કોશ છલકાવી દઈએ.

**પાનબીડું :**

*થી બેનમક મેરી હી ઝબાઁ વરના સચ હૈ યે*
*નમકીન પાનિયાઁ મેં ગઝબ કી મીઠાશ હૈ*

**- હકીમ મન્ઝૂર**

વેમ્બલી, ૧૭ નવેમ્બર ૨૦૦૮

– વિપુલ કલ્યાણી

e.mail : vipoolkalyani.opinion@btinternet.com